# ગુજરાત કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (GCERT)

## પરિચય

- ગુજરાત કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (GCERT) એ રાજ્યકક્ષાની મુખ્ય સંસ્થા છે જે પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓમાં ગુણવત્તાસભર શિક્ષણનો વ્યાપ વધારવા કામ કરે છે.

- ૧૯૮૮ ની સાલ પહેલા તે 'સ્ટેટ ઈન્સ્ટિટયુટ ઓફ એજ્યુકેશન' ના નામે ઓળખાતી હતી. ૧૯૮૮ માં રાજ્યમાં શિક્ષણ વિભાગના ઠરાવ પ્રમાણે તેનું SCERT માં રૂપાંતર થયું. આ SCERT જે હવે GCERT છે. એ રાજ્યકક્ષાની સંપૂર્ણ માળખાગત શૈક્ષણિક સંસ્થા છે અને તે સંચાલકીય કમિટિ તથા કાર્યપાલક કમિટિ દ્વારા નિયંત્રિત છે.

- ૧૯૯૭ માં GCERT ને અમદાવાદથી રાજધાની ગાંધીનગર ખાતે લઈ જવામાં આવી હતી. રાજ્ય શિક્ષણ વિભાગે GCERT માટે સેકટર–૧૨ માં અલગ જમીન ફાળવી છે. આથી ૨૧ ઓગષ્ટ ૨૦૦૫ થી GCERT સેકટર–૧૨ માં નવી બંધાયેલી બિલ્ડિંગ વિદ્યાભવનમાં કાર્યાન્વિત છે. જ્યાં નવીન માળખાકીય સુવિધાઓ અને અદ્યતન સાધનો ઉપલબ્ધ છે.

- GCERT નાં છત્ર હેઠળ હવે ૨૭ DIET જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (ડીસ્ટ્રીક્ટ ઈન્સ્ટિટયુટ ઓફ એજ્યુકેશન એન્ડ ટ્રેનિંગ) ૨૫ જિલ્લાંઓમાં કાર્યશીલ છે. આ સંસ્થાઓ રાજ્યના પ્રાથમિક શિક્ષકોને સર્વિસ પહેલા તથા સર્વિસ દરમ્યાયન પ્રશિક્ષણ પૂરૂં પડે છે.
- આ સંસ્થાથઓમાં સાત શાખાઓ હોય છે. જેમ કે પ્રિ–સર્વિસ ટીચર એજ્યુકેશન (PSTE), વર્ક એકસપરિયન્સ (WE), ડિસ્ટ્રીક્ટ રિસોર્સ યુનીટ (DRU), કરીક્યુલમ મટીરીયલ ડેવલપમેન્ટર એન્ડ ઈવેલ્યુએશન (CMDE), એજ્યુકેશનલ ટેકનોલોજી (ET) ઈન સર્વિસ ફીલ્ડ ઈન્ટ્રેકશન ઈનોવેશન કોઓર્ડીનેશન (IFIC) તથા પ્લાનીંગ એન્ડ મેનેજમેન્ટ (PM) આ DIET માં લાયકાત ધરાવતાં તથા અનુભવી શૈક્ષણિક અને સંચાલકીય કર્મચારીઓ હોય છે.

- GCERT એ રાજ્યની શિક્ષણને લગતી નીતિઓ, કાર્યક્રમો અને સંશોધનો લાગુ કરવા માટેની મુખ્ય સંસ્થા છે. તે બધી ટીચર એજ્યુકેશન સંસ્થાઓને સહાય અને માર્ગદર્શન પુરૂ પાડે છે.

- GCERT બિનસરકારી સંસ્થાઓ, વિષય નિષ્ણાતો, શિક્ષણવિદોના સહયોગ સાથે કામ કરે છે અને રાજ્યના અંતરાલ જિલ્લાઓમાં બદલાવ લાવવા માટે પ્રયત્ન કરે છે. પ્રાથમિક

શિક્ષણ, સર્વિસ પહેલાં અને સર્વિસ દરમ્યાનનું શિક્ષણ, રાષ્ટ્રમાં શૈક્ષણિક ક્ષેત્રે પ્રગતિ, શિક્ષણની પદ્ધતિઓ વિષે અદ્યતન પ્રવાહો તથા માહિતી ફેલાવે છે.

- નવિનવિષયો ને લક્ષમાં રાખીને ડિસ્ટન્સ એજ્યુકેશન ટ્રેનીંગના માધ્યમ તરીકે વ્યાપક ઉપયોગ, સામાજીક જાગૃતિના કાર્યક્રમો યોજવા અને પ્રાથમિક શિક્ષણના અભ્યાસક્રમમાં સુધારો લાવે છે. રાજ્યનો શિક્ષણ વિભાગ પણ ***GCERT*** ની સલાહ લે છે. આ કાઉન્સીલ શાળા શિક્ષણની ગુણવત્તા સુધારવા કટીબદ્ધ છે. ખાસ કરીને પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રમાં અભ્યાસક્રમનો વિકાસ, ભણવાની સામગ્રી અને મૂલ્યાંકનપદ્ધતિનાં ક્ષેત્રમાં શૈક્ષણિક પડકારોના યોગ્ય ઉપાયો શોધવા માટે પ્રયત્ન કરે છે. ***GCERT*** એ સર્જનાત્મક રીતે ચોકથી સેટેલાઇટ સુધીની અનોખી યાત્રા કરી છે અને શૈક્ષણિક સુધારાનાં ક્ષેત્રે કઠીન પડકારો ઝીલ્યા છે.

મિશન

- પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને બાળ કેન્દ્રિઅત પ્રવૃત્તિ પર આધારિત ભારરહિત, આનંદદાયક ભણતરના તત્વો પ્રમાણે ગુણવત્તાસભર શિક્ષણ પુરૂ પાડવું.

## સંસ્થાના હેતુઓઃ

- શિક્ષણનાં દરેક સ્તઃર પર ગુણવત્તા સુધારવી.
- રાજ્યભરમાં શાળા શિક્ષણના ક્ષેત્રમાં શૈક્ષણિક સંશોધન તથા પ્રશિક્ષણ સહાય આપવી.
- ગુજરાત સરકારનો શિક્ષણ વિભાગને પ્રાથમિક શિક્ષણનાં ક્ષેત્રમાં તેની નીતિઓ તથા મુખ્યર યોજનાઓ લાગુ કરવા માટે સહાય / સલાહ આપવી.
- શૈક્ષણિક ઘટક તથા પદ્ધતિઓમાં જરૂરી બદલાવ લાવીને પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે શૈક્ષણિક સહાય, માર્ગદર્શન અને સૂચનો પૂરા પાડવા.
- ગુજરાત રાજ્યના પ્રાથમિક શિક્ષણમાં બદલાવ લાવવા માટે ***DIET, CTE, IASE*** તથા ***GBTC*** જેવી સંસ્થાઓને માર્ગદર્શન, શૈક્ષણિક સહાય અને સૂચનો પૂરા પાડવા.
- શિક્ષણને લગતી નવી પદ્ધતિઓને વ્યાપ વધારવા નાવિન્ય સભર કાર્યક્રમો યોજવા.
- રાજ્યમાં શિક્ષણ વિભાગ હેઠળ ***CTE/IASE*** તથા બીજી સંસ્થાઓને માર્ગદર્શન આપવું અને એમના કામપર દેખરેખ રાખવી.
- ***CRC*** શિક્ષકો અને એને લગતી કચેરીઓની મુલાકાત લઇને શૈક્ષણિક સંસ્થાઓને શૈક્ષણિક સહાય તથા માર્ગદર્શન પુરૂ પાડવું.
- શૈક્ષણિક સાહિત્યક છાપવું.

- બાળકોનાં સર્વાંગી વિકાસ માટે ગ્રામકક્ષાએવિજ્ઞાનમેળા, બામેળા, રમતોત્સકવ જેવા કાર્યક્રમો યોજવા.

## સંસ્થાના કાર્યો

- શિક્ષણની બધી શાળાઓમાં સંશોધન કરવું, તેના માટે સહાય કરવી તથા તેનું સંકલન કરવું
- પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષકો માટે સર્વિસ દરમ્યાન તથા સર્વિસ પહેલાના પ્રશિક્ષણ કાર્યક્રમો યોજવા, ખાસ કરીને પ્રાથમિક કક્ષા એ.
- ***DIET, CTE*** તથા ***IASE*** જેવી સસંસ્થાઓ પર શૈક્ષણિક તથા સંચાલકીય નિયંત્રણ રાખવું.
- ***PTTI*** અને જિલ્લા શૈક્ષણિક સમિતિ હેઠળની પ્રાથમિક શાળાઓ પર શૈક્ષણિક નિયંત્રણ રાખવું.
- પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રમાં સંશોધન નવિનીકરણ કેસનો અભ્યાસક્રમ, પ્રયોગો અને પ્રોજેક્ટ યોજવા.
- નવી શૈક્ષણિક પદ્ધતિઓ વિકસાવવી અને શાળાઓને તેમના વિષે જાણ કરવી.
- સંદર્ભ સામગ્રી, સહાયક સામગ્રી, પત્રિકાઓ અને ઇતર સાહિત્ય તૈયાર કરીને છપાવવું, જેનાથી હેતુઓ સિદ્ધ થઇ શકશે.
- કિશોરવસ્થાનું શિક્ષણ, વસ્તી શિક્ષણ, ***IPTT – ITV*** ડિસ્ટપન્સર એજ્યુકેશન અને પર્યાવરણ શિક્ષણને લગતા કાર્યક્રમો લાગુ કરવા.
- ***CRC, BRC*** શાળાઓ તથા તેને લગતી કચેરીઓની મુલાકાત લઇને શૈક્ષણિક સંસ્થાસઓને શિક્ષણને લગતી સહાય / માર્ગદર્શન પુરૂ પાડવું.
- બદલતા સમય પ્રમાણે પ્રશિક્ષણ કૉલેજોનાં અભ્યાનસક્રમમાં સુધાર અને બદલાવ લાવવો.

## નાણાકીય સહાયનો ચાર્ટ

- જી.સી.ઇ.આર.ટી. નીચે દર્શાવ્યા મુજબ જુદી જુદી એજન્સીઓ પાસેથી નાણાંકીય સહાય માગે છે.

## ડિરેકટરનો સંદેશ

- એક રાજ્ય સ્તરની સંસ્થાઓ તરીકે અમે નીચેનાં ક્ષેત્રોમાં આગળ પડતું કામ કરીએ છીએ.

- અભ્યાસસક્રમનું માળખું તૈયાર કરવું.
- શિક્ષણ પદ્ધતિ
- ડિસ્ટન્સ્ એજ્યુકેશન
- કિશોર અવસ્થાટનું શિક્ષણ
- વિકલાંગ બાળકો માટેનું શિક્ષણ
- ભારરહિત શિક્ષણ
- શૈક્ષણિક સંશોધન

## વિકાસનાં તબક્કા

- ૧૯૬૨ – સ્ટેટ ઇન્સ્ટીટ્યુટ ઓફ એજ્યુકેશન (*SIE*)
- ૧૯૮૮ – ***SIE*** નું ***GCERT*** માં રૂપાંતર
- ૧૯૯૮ – ***GCERT*** ની સોસાયટી રજીસ્ટ્રેશન ધારા ૧૮૬૦ હેઠળ નોંધણી

# જી.સી.ઇ.આર.ટી. ની સ્થાપના

## શિક્ષકોને તાલીમ

## પ્રસ્તાવના

આ શાખા મુખ્યત્વે પ્રારંભિક શિક્ષણની ગુણવત્તા સુધારણા સંબંધી કામગીરી કરે છે. રાજ્યમાં આશરે ૨.૨૫ લાખ પ્રાથમિક શિક્ષકોને અને આશરે ૧૦,૦૦૦ તાલીમાર્થીઓને અને બી.આર.સી., સી.આર.સી., મુખ્ય શિક્ષકો,કેળવણી નિરીક્ષકો અને જરૂર જણાય તે મુજબ તાલીમ આપવામાં આવે છે.

કાર્યો

- પૂર્વ સેવા અને સેવા અંતર્ગત શિક્ષક તાલીમની વ્યવસ્થા કરવી.
- શિક્ષણના ક્ષેત્રમાં નવા વલણો અને અભિગમો સંબંધી તાલીમ પૂરી પાડવી.
- મુખ્ય શિક્ષકો / આચાર્યો / સંસ્થાના વડા માટે તાલીમની ગોઠવણ કરવી.
- માર્ગદર્શક અને સલાહકાર તરીકે સેવાઓ પૂરી પાડવી.

- તાલીમ સંબંધી સાહિત્યા અને સંદર્ભશ્રેણી તૈયાર કરવી.
- સંસાધન રૂપ વ્યક્તિઓ દ્વારા (RP) દ્વારા એસ.આર.જી. સભ્યોનું સંસ્કરણ કરવું.
- મુખ્ય તાલીમકર્તાઓનું ક્ષમતા નિર્માણ
- વિવિધ સ્તરે તાલીમ પૂરી પાડવી.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો દ્વારા આયોજિત તાલીમ કાર્યક્રમોની દેખરેખ અને માર્ગદર્શન.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો દ્વારા આયોજિત તાલીમ કાર્યક્રમોને ઉત્તેજન, માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવું.
- વિવિધ શાખાઓની અસરકારતા અને કાર્યલક્ષી પરિણામ વધારવાના હેતુથી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની વિવિધ શાખાઓ માટે તાલીમ કાર્યક્રમોનું આયોજન.
- રાજ્યની અને સંસ્થાઓની શિક્ષક તાલીમ માટે રાજ્ય બહારના શિક્ષક કેળવણીકારો નિયુક્ત કરવા.
- ક્ષમતા આધારિત નવા અભ્યાસક્રમ સંબંધી પ્રાથમિક શિક્ષક તાલીમ સંસ્થાઓના અધ્યાપકોને તાલીમ પૂરી પાડવી.

ગુજરાત પ્રાથમિક શાળા કક્ષાએ શિક્ષકોની તાલીમમાં નવાં પરિમાણ

- ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તરફથી પણ મળેલા શૈક્ષણિક ગુણાત્મિક સુધારણા પૂરી પાડે છે. પ્રાથમિક શિક્ષણના સંબંધમાં શૈક્ષણિક નીતિઓ, કાર્યક્રમો અને સંશોધનોનો અમલ કરવા માટે અગ્રણ્ય મધ્યકવર્તી એજન્સી તરીકે તે કામ કરે છે.

## તાલીમ કાર્યક્રમો સંબંધી ધ્યેય

- પ્રાથમિક શિક્ષણ માટે તાલીમ સહાય, નેતૃત્વ, માર્ગદર્શન અને સૂચનો પૂરા પાડવા.
- પ્રાથમિક શાળાના શિક્ષકો માટે ખાસ કરીને અગ્રીમસ્ત્રે પૂર્વ–સેવા અને સેવા અંતર્ગત તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવું.
- પ્રાથમિક શિક્ષણ સંબંધી નવાવલણ અને અભિગમોના પ્રસાર અને પ્રચાર માટે નવતર કાર્યક્રમોનું આયોજન કરવું.
- શિક્ષણ શાસ્ત્રો સંબંધી પુનઃઘડતર પ્રક્રિયા.

## સ્ટેટ રિસોર્સ ગ્રુપ (SRG)

**સ્ટેટ રિસોર્સ ગ્રુપ :**

- શિક્ષણ શાસ્ત્રનને લગતી પુનર્રચના માટે તેની રચના થયેલી છે જેમાં અભ્યાસક્રમની નવરચનાની સાથોસાથ, પાઠ્યપુસ્તકોનું પુનઃનિર્માણ પ્રાથમિક શાળાના શિક્ષકો સંબંધી તાલીમ કાર્યક્રમોનું આયોજન અને એસ.આર.જી. સભ્યોના આદાનપ્રદાન સત્રોનો સમાવેશ થાય છે.

## શિક્ષક વાર એસ.આર.જી.

## વિષય વાર એસ.આર.જી.

**કલસ્ટર રિસોર્સ ગ્રુપ (CRG)**

- શાળા સ્તરે ગુણાત્મક સુધારણા માટે, તમામ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોએ દરેક જૂથ માટે કલસ્ટ્ર રિસોર્સ ગ્રુપ (સી.આર.સી.) તરીકે ઓળખાતા દરેક જૂથ માટે કલસ્ટર રિસોર્સ ગ્રુપ (સી.આર.જી.) તરીકે ઓળખાતા ૧૦ થી ૧૫ સભ્યોના એક જૂથની રચના કરી છે. તેમાં નીચેની વ્ય.ક્તિઓનો સમાવેશ થાય છે.

- વિષય વસ્તુ નિષણાંત
- પદ્ધતિ નિષણા્ત
- ટી એલ એમ નિષણાત
- અભિગમ નિષણા્ત
- સમુદાય નિષણાત

## નવતર અભિગમ

- છેલ્લા પાંચ વર્ષથી તાલીમ અભિગમ અને પદ્ધતિમાં અમૂલ ફેરફારો કરેલા છે. હવે તાલીમ કાર્યક્રમો આવશ્યકતા આધારિત, ક્ષેત્ર આધારિત અને સંશોધન આધારિત હોય છે.

નવતર તાલીમ કાર્યક્રમો નીચેના તત્વોથી ઘડેલા છે :

- પાયાગત જાણકારીની સામગ્રી
- ચર્ચાપત્ર
- તાલીમ શ્રેણી
- તાલીમકીટ
- ઓડિયો અને વિડીયોકીટ

## ખાસિયતો

- સમર્થક સંક્ષિપ્ત વાર્તાલાપ સાથે સમૂહકાર્યમાં સહભાગિતા
- ક્ષમતાના ક્ષેત્રોને સુસંગત અધ્યાયન / અધ્યાપન સામગ્રી તાલીમાર્થીઓ મારફત તૈયાર કરાવવી.

- તાલીમાર્થીઓ દ્વારા વાર્તાકથન, રમતો અને ભાવગીતો.

## દૂરઅંતર પદ્ધતિ

- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનું સંગીનીકરણ
- બી.આર.સી. અને સી.આર.સી.નું સંગીનીકરણ
- પ્રાથમિક શિક્ષક તાલીમના અધ્યાપકોનું સંગીનીકરણ
- પ્રવૃત્તિ આધારિત આનંદદાયક આધાર અને ક્ષમતા આધારિત પાઠ્યપુસ્તકોનું નિર્માણ
- પ્રોજેક્ટ આધારિત શિક્ષણ
- પ્રવૃત્તિ આધારિત વિજ્ઞાન

અનુવર્તી કાર્યવાહી :

- દરેક તાલીમ કાર્યક્રમનું પ્રતિપુષ્ટિ અને અનુવર્તી કામગીરી માટે દરેક તાલીમાર્થીને આપવામાં આવતી મૂલ્યાંકન પત્રકમાં લિખિત અભિપ્રાય મારફત મૂલ્યાંકન કરવામાં આવે છે.

- વિષયવસ્તુ આધારિત તાલીમના કિસ્સામાં અસરકારકતાનું મૂલ્યાંકન પૂર્વકસોટી, કસોટી પછીના પરિણામથી નક્કી કરવામાં આવે છે. તાલીમની અસરકારકતાનું માપન

shikshansagar.com The King of Education શિક્ષણ સાગર

જી.સી.ઇ.આર.ટી. – ડી.આઇ.ઇ.ટી. અથવા જી.સી.ઇ.આર.ટી. પુરસ્કૃત એજન્સીઓ દ્વારા નાના પાયાના અભ્યાસ મારફત કરવામાં આવે છે.

તાલીમની પદ્ધતિ

## લક્ષ્યાંક જૂથ

- પ્રાથમિક શાળાના શિક્ષકો
- મુખ્ય શિક્ષકો / આચાર્યો
- સી.આર.સી. કો–ઓર્ડિનેટર
- બી.આર.સી. કો–ઓર્ડિનેટર
- પી.ટી.સી. સંસ્થાઓના અધ્યાપકો / આચાર્યો અધ્યાપકો
- ડી.આઇ.ઇ.ટી. ના અધ્યાપકો
- દેખરેખ–નિયંત્રણ અને દેખભાળ

## અભ્યાસક્રમ અને મૂલ્યાંકન

## ઉદ્દેશો

- વિધિમાન અભ્યાસક્રમ અને પાઠ્યક્રમની સમીક્ષા કરવી.
- અભ્યાસક્રમની સુધારણા અને નવરચના.
- નિર્દિષ્ટસ્થાનિક બોલી અનુસાર સ્થાનિક અભ્યાસક્રમ વિકસાવવો.
- સંબંધિત અભ્યાસક્રમના એકમો નક્કી કરવા.
- વિવિધ તબક્કે વિદ્યાર્થીઓના મૂલ્યાંકનનીટેકનિકોવિકસાવવી.
- સહ અભ્યાસ સાહિત્ય અને સાધનો તૈયાર કરવા અને વિકસાવવા.
- સુધારેલા અધ્યયન – અધ્યાપનસાહિત્ય (*TLM*) તૈયાર કરીને તેના ઉપયોગ માટે માર્ગદર્શન પુરૂં પાડવું.

- પ્રશ્નબેન્ક, પ્રશ્નપત્ર અને ઉપાયાત્મક અધ્યાપનના નિર્માણ જેવા કાર્યક્રમો પર કાર્યશાળાઓનું આયોજન.
- સંબંધિત અભ્યાસક્રમમાં નવતર અભિગમ, પદ્ધતિઓ, ટેકનિકો અને સામાજિક પરિવર્તનની અસરોનો સમાવેશ કરવો.

## કામગીરીના વિશિષ્ટ પાસા

- કાર્યશાળાના આયોજન અને વ્યૂહ
- જૂથ રચના
- સમુહકાર્ય
- ખુલ્લામંચમાં સમૂહકાર્યનુ નિર્દશન
- સામૂહિક ચર્ચા અને સુધારણા
- પુનઃ લેખન
- આખરી મુસદો
- મંજુરી માટે આખરી મુસદો કોર કમિટિ સમક્ષ મૂકવો.
- યોગ્ય વિચારણા કર્યા પછી આખરી મુસદાને પાઠ્યપુસ્તકમંડળને મંજૂર થયેલો મુસદો મોકલી આપવો.
- આખરી થયેલા આવા પાઠ્યપુસ્તકોને આપેલી મંજુરી
- શૈક્ષણિક સંસ્થાઓમાં અમલીકરણના તબક્કા.
- અજમાયશી ધોરણે કેટલાક નિર્દિષ્ટ વિસ્તારોની શાળાઓમાં અમલીકરણ.

- સ્ટેટ રિસોર્સ ગ્રુપના લેખકો અને સભ્યોની ટીમ દ્વારા દેખરેખ શિક્ષકો, વાલીઓ, અધ્યેતાઓ અને સ્થનિક સમુદાય તરફથી મળેલી પ્રતિયુનિટ (*feedback*) ના આધારે જરૂરી ફેરફારનો સમાવેશ કરવો.
- શાળાઓમાં રાજયવ્યાપી અમલીકરણ.

## નાણાંકીય સહાય

- રાજ્ય સરકાર
- એમ.એચ.આર.ડી. (નવી દિલ્હી)
- યુનિસેફ, ગાંધીનગર
- બીન સરકારી સંસ્થા

## પૂરા કરેલા કામો

- ધોરણ ૧ થી ૭ ના ક્ષમતા આધારિત અભ્યાસક્રમનું પુનઃ નવીકરણ અને પુનઃરચના.
- સી.પી.એડ : પ્રથમ અને દ્વિતીય વર્ષ માટેના ક્ષમતા આધારિત અભ્યાઃસક્રમોની પુનઃરચના.
- સી.પી.એડ : ચિત્ર, સંગીત, શારીરિક શિક્ષણ અને કોમ્પ્યુટર માટેના અભ્યાસક્રમોનું નિર્માણ.
- પીટીસી : પ્રથમ અને દ્વિતીય વર્ષના અભ્યાસક્રમનું આખરીકરણ.

## મૂલ્યાંકન

- દરેક જિલ્લામાં મૂલ્યાંકન.
- સ્ટેટ રિસોર્સ ગ્રુપ – શિક્ષણશાસ્ત્ર દ્વારા મૂલ્યાંકન.
- મૂલ્યાંકન પદ્ધતિને સંરચના.
- મૂલ્યાંકન પર જીવન શિક્ષણનો વિશેષાંક.

પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે દર વર્ષે શાળા, *CRC*, *BRC*, જિલ્લા, ઝોન અને રાજ્ય કક્ષાએ રમતોત્સવ યોજવો જોઈએ

પી.ટી.સી. કોલેજના તાલીમાર્થીઓ અને વ્યાખ્યાતાઓ માટે દર વર્ષે ઝોન અને રાજ્ય કક્ષાએ રમતોત્સવ યોજવો જોઈએ

- સી.પી. એફ. અને ડી.પી.એફ. કોલેજના તાલીમાર્થીઓ અને વ્યાખ્યાતાઓ માટે રાજ્યકક્ષાએ રમતોત્સવ યોજવો જોઈએ

શૈક્ષણિક સંશોધન

## શૈક્ષણિક સંશોધન સંશોધન અને નવીકરણ – શૈક્ષણિક સંશોધન

## પ્રાસ્તાવિક

- ***DIET, CTE*** **અને** ***IASE*** **ના શૈક્ષણિક નિવેશ અને આંતરમાળખું પૂરા પાડીને શાળેય શિક્ષણની તમામ સ્તરેગુણાત્મક સુધારણા આણવાનો** ***GCERT*** **નો ધ્યેય છે.**
- ***GCERT*** **એ દૂરોગામી સુધારણા તેમજ રાજ્યના કેટલાક ક્ષેત્રોમાં સુધારણા આણવા માટે બિન સરકારી સંગઠનો, વિષય નિષ્ણાતો, શિક્ષણવિદો સાથે સંકલન સ્થાપ્યું છે.**
- **રાજ્ય શિક્ષણ મંત્રાલય પણ તેના નિષ્ણાતીકરણને ઝોક આપે છે.**
- **પરીષદશાળેય શિક્ષણમાં ગુણાત્મક સુધારણા લાવવા માટે અને બદલાતા સમયથી તોળાતા શૈક્ષણિક પડકારોના અનુકૂળ ઉકેલો શોધવાના પ્રયાસો માટે પ્રતિબદ્ધ છે.** ***GCERT*** **એ ચોકથી સેટેલાઇટ સિસ્ટમ સુધીના પ્રાયોગીકરણની એક બેનમૂન યાત્રામાં શૈક્ષણિક સુધારણાના ક્ષેત્રોમાં કઠોર પરિશ્રમથી કેડી કંડારી છે.**

# ઉદ્દેશો

**શિક્ષણમાં સંશોધન સંબંધી** ***GCERT*** **ના ઉદ્દેશો નીચે મુજબ છે**

- **શૈક્ષણિક સંશોધન પુરૂ પાડવું – વિસ્તરણ અને તાલીમ સહાય**
- **નક્કી કરેલા વિષય ક્ષેત્રોમાં સંશોધનો હાથ ધરવા માટે સંશોધકોને પ્રોત્સાહન આપવું**
- **નાના પાયાના સંશોધનો અને પગલાં સંશોધનો હાથ ધરવાનો શિક્ષકોને તેમની સહભાગી ભૂમિકા માટે તૈયાર કરવા**

## કાર્યો

- **શિક્ષણમાં નવીકરણ અને પ્રયોગાત્મંકતા માટે સંશોધનો હાથ ધરવા, સહાય કરવી, ઉત્તેજન આપવું અને સંકલન કરવું**

- સંશોધનના તારણોને ધ્યાનમાં રાખીને સુધારેલી શૈક્ષણિક ટેકનિકો અને પ્રણાલિઓ વિકસાવીને શાળાઓમાં તેનો પ્રચાર કરવો
- સંશોધકોને નાણાકીય સહાયપૂરી પાડીને સંશોધનો હાથ ધરવા માટે પ્રોત્સાહન આપવું
- શૈક્ષણિક સંશોધનમાં ક્ષમતાનિર્માણ કાર્યક્રમો હાથ ધરવા રાજ્ય સંશોધન

- સલાહકાર સમિતિ (**SRAC**) ના સભ્યોર તરફથી માર્ગદર્શન મળ્યા બાદ ***DIET*** અને ***GCERT*** માટેના સંશોધનો હાથ ધરવામાં આવે છે.

## નક્કી કરેલા સંશોધન ક્ષેત્રો

- અધ્યયન – અધ્યાપન પ્રક્રિયાઓ
- ***Evaluation of Pupils Academic Achievement***
- સેવા અંતર્ગત શૈક્ષણિક સિદ્ધિનું તાલીમ સંસ્થા્ઓનું મૂલ્યાંકન
- વિવિધ, શૈક્ષણિક સંશોધન અને તાલીમ સંસ્થા ઓ (જેવી કે ***SCERT, SIEMAT, DIET, BRC, CRC, VEC, VCWC*** ) ની કામગીરી

## નાણાંકીય સહાય

- ***GCERT*** નીચેની સંસ્થાઓને / વ્યકિતઓને નાણાકીય સહાય પૂરી પડે છે
- ***DIET*** વ્યાખ્યાતાઓ (કેસ સ્ટરડી અને પ્રયોગાત્મક અભ્યાસો)
- પ્રાથમિક શાળાના શિક્ષકો (પગલા સંશોધન)
- ***DIET*** વ્યાખ્યાતાઓએ ૧૫૦૦ થી પણ વધુ સંશોધન અભ્યાસો કરેલ છે.
- ***Primary School teachers have conducted more than 2500 action research to solve their classroom problems***

ગુજરાતની પ્રાથમિક શાળાના બાળકોની શૈક્ષણિક સિદ્ધિઓની ઝલક :
આ સંશોધન પ્રોજેકટથી નીચેના ધ્યેયો રાખવામાં આવ્યા છે :

- પ્રાથમિક શાળના બાળકોની શૈક્ષણિક સિદ્ધિઓની રૂપરેખા.
- પ્રાથમિક શાળાઓના જુદા જુદા વિષય ક્ષેત્રોના અભ્યાસક્રમમાં મુશ્કેલીરૂપ મુદ્દા શોધી કાઢવા .

- ગુજરાતના *DIET* ના વ્યાખ્યાતાઓને શૈક્ષણિક સિદ્ધિઓની સંરચના, અમલીકરણ અને વિશ્લેષણમાં વ્યાવસાયિક અને સ્વતંત્ર ધોરણે ચકાસણી કે પરીક્ષણ માટે સક્ષમ બનાવવા.
- વિદ્યાર્થીઓની સિદ્ધિનું સતત દેખરેખ નિયંત્રણ કરવું.
- પ્રવર્તમાન શૈક્ષણિક વર્ષમાં વિદ્યાર્થીઓની સિદ્ધિઓને અગાઉના શૈક્ષણિક વર્ષની સિદ્ધિ સાથે તુલના કરવી.

## આયોજન અને વ્યવસ્થાપન શાખા

- આયોજન અને વ્યવસ્થાપન શાખા નવી તેમજ ચાલુ રાજય તથા કેન્દ્રનાં ફંડ અંતર્ગત કરવાની થતી પ્રવૃત્તિઓ માટે વાર્ષિક આયોજન તૈયાર કરવાનું કામ કરે છે. તે માનવસંસાધન અને નાણાકીય ફંડના અનુસંધાને વ્યવસ્થાપન હાથ ધરે છે. પ્રવૃત્તિઓની પ્રગતિ સમીક્ષા ત્રૈમાસિક અને વાર્ષિક ધોરણે કરવામાં કરવામાં આવે છે

- શાખા *DIET* અને શૈક્ષણિક સંસ્થાઓના સંકલનમાં રહીને અન્યે *DIET*, *CRC* અને શાળાઓને શૈક્ષણિક કાર્યક્રમોનાં મૂલ્યાંનકન અને શૈક્ષણિક આયોજન, વહીવટના ક્ષેત્રમાં માર્ગદર્શન પૂરૂં પાડવામાં સંકળાયેલી છે.

- *GCERT* જરૂરીયાત અધારિત નવતર કાર્યક્રમો હાથ ધરે છે.

## • શાખાના કાર્યો :

- • માહિતીનું દસ્તાવેજીકરણ
- • રાજ્ય સ્તરીય તાલીમ કાર્યક્રમો સંબંધી વાર્ષિક આયોજન તૈયાર કરવું.
- • વહીવટના તમામ સ્તરે શૈક્ષણિક આયોજન અને વહીવટમાં વ્યવસાયિક અને સંશાધન સહાય પૂરૂં પાડવું.
- • વાર્ષિક વહીવટી અહેવાલ તૈયાર કરવો
- • જરૂરિયાત આધારિત / સંશાધન આધારિત / વિષય આધારિત વાર્ષિક કાર્યયોજના અને અંદાજપત્ર તૈયાર કરવું.
- • શિક્ષક અધ્યાપન અને અન્ય ભાવિ આયોજન માટે યોજના અને અંદાજ તૈયાર કરવા. માનવ સંસાધન અને વિકાસ મંત્રાલયને તમામ અથવા કોપી માહિતી મોકલવી.
- • રાષ્ટ્રીય સ્તરીય આંતરરાષ્ટ્રીગયસ્ત થી પાયાના સ્તર સુધીના તમામ મધ્યસ્થીઓ સાથે સંકલન અને સહયોગ.

- પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો :–

- વાર્ષિક કાર્યયોજના અને અંદાજપત્ર

- વાર્ષિક અહેવાલ
- *GCERT* એ અમલ કરીને હાથ ધરેલી પ્રવૃત્તિઓનું સર્વગ્રાહી વર્ણન

- *DIET* ની આયોજન અને વ્યવસ્થાની શાખા સાથે સંકળાયેલ વ્યાખ્યાકતાઓનું ક્ષમતા નિર્માણ.

- ટીચર એજયુકેશન સ્કીમ માટે પ્રોજેક્ટ દરખાસ્તી (માનવ સંશાધન વિકાસ સંસાધન)

- *DIET* નું શૈક્ષણિક નિરીક્ષણ
- ડાયટનાં લાયઝનીંગ માટેનું આયોજન
- જીસીઈઆરટી અને ડાયટની ફેક્લ્ટી માટે ફેક્લ્ટી ડેવલપમેન્ટ

ઈડીએન – ૧૨ પ્લાન યોજના

*EDN*-૧૨ યોજના હેઠળ હાથ ધરવામાં આવતા કાર્યક્રમો નીચે મુજબ છે.

- જીવન શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે બેઠક.
- ગણિત – વિજ્ઞાન મંડળનું સંગીનીકરણ
- *CTE/IASE* ખાતે તાલીમના આયોજન માટે આચાર્યોની બેઠક.
- *DIET* ના ગ્રંથાલયો માટેની બેઠકો
- આકાશવાણી કાર્યક્રમો માટે સ્ક્રિપ્ટ્ લેખન
- શાળા અને વર્ગખંડ પુસ્તકાલયનો ઉપયોગ
- પિઅર ગ્રુપ લર્નિંગ અને પરસ્પર વર્ગખંડ અધ્યાપન
- *DIET* અને *PTTI*ના તાલીમાર્થીઓ માટે દુરંત્વગ તાલીમ
- *MSV* અવેક્ષકો અને કેળવણી નિરીક્ષકો માટે સંસ્કરણ કાર્યક્રમ.

પ્રોજેક્ટ આધારિત અદયઅયન     અધ્યાપન

- સંશોધન ઉદ્દવકરણ શૃંખલા નિર્માણ

- માહિતી અધિકાર તાલીમ
- ***DIET*** વિજ્ઞાન – ગણિત મંડળ
- વિજ્ઞાન – ગણિત પર નિર્દિષ્ટ કાર્યક્રમ
- ***CRC/BRC*** જિલ્લાઉ ઝોન / રાજ્ય સ્તરે વિજ્ઞાન  ગણિત પ્રદર્શન
- ***GCERT*** અને ***DIET*** સ્તરે શૈક્ષણિક સંશોધન
- તમામ શાળા ***DIET, GBTC, RGT, GCERT*** ઇકો–કલબ
- તમામ ***DIET*** ખાતે વેબસાઇટ અપડેશન
- તાલુકા, જિલ્લા કક્ષાએ, ઝોન કક્ષાએ શાળાના શિક્ષકો અને ***PTTI*** માટે રમતોત્સવ
- વિજ્ઞાન પરામર્શીઓ માટે ક્ષમતા નિર્માણ કાર્યશાળા
- ***GCERT*** કર્મચારીઓ અને ***DIET*** ફેકલ્ટીઓ માટે ક્ષમતાનિર્માણ .
- બીઆરસી કો–ઓર્ડીનેટર્સ માટે સશક્તિકરણ કાર્યક્રમ
- ગુજરાત એચીવમેન્ટ એટ પ્રાયમરી – ગેપ – ***6***
- ડાયટપ્રાચાર્યશ્રીઓ સાથેની બેઠક
- પી એન્ડ એમ. શાખાનાં લેક્ચરર્સ સાથેની રીવ્યુ બેઠક
- સ્થાનિક સાહિત્ય પુસ્તિકા નિર્માણ
- ડાયટનાં શૈ.નિરીક્ષણ ફોર્મેટની સુધારણા

શિક્ષક અધ્યાપનના ***CSS*** હેઠળ હાથ ધરવામાં આવતા કાર્યક્રમો ઉપરાંતના આ તમામ કાર્યક્રમો છે.

## વિજ્ઞાન–ગણિત

**પ્રાસ્તાવિક**

ગણિત અને વિજ્ઞાનના વિષયોને સમાવતી વિવિધ પ્રવૃત્તિઓ ગુજરાત રાજ્યમાં પ્રારંભિક માધ્યગમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ગુણવત્તા સુધારવાના હેતુથી વિજ્ઞાન અને ગણિત સઘન રીતે શીખવવાના હેતુથી જી.સી.ઇ. આર.ટી. ના વિજ્ઞાન અને ગણિત એકમ દ્વારા હાથ ધરવામાં આવી હતી.

## ઉદ્દેશો

**વિદ્યાર્થીઓ અને શિક્ષકો**

- પ્રાકૃતિક ઘટનાઓની સમજ

- કારણોનું જ્ઞાન અને સહસંબંધની અસર
- આસપાસનાપર્યાવરણની સમજ
- રોજિંદા જીવનમાં વિજ્ઞાનનામહત્વરની સમજ
- વૈજ્ઞાનિક અભિગમનીખીલવણી
- અવલોકનોની નોંધ
- માહિતી એકત્રીકરણ અને તેનું વિશ્લેષણ
- સમસ્યાનાનિરાકરણના પ્રયત્નો
- પ્રયોગો હાથ ધરવા અને પરીણામ ચકાસણી
- તપાસણી, જિજ્ઞાસા, તર્કક્ષમતા અને નિર્ણય પ્રક્રિયા
- નવી શોધ અને તેના શોધકની પ્રશંસા

## વિજ્ઞાન પ્રદર્શન

એન. સી. ઇ. આર. ટી., નવી દિલ્હી વર્ષ *1971* થી દર વર્ષે રાષ્ટ્રિય વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરે છે.

તે વર્ષ *1988* થી બાળકો માટે 'જવાહર નહેરુ વિજ્ઞાન પ્રદર્શન તરીકે ઓળખાય છે. એન. સી. ઇ. આર. ટી દ્વારા પરિચિત વિષયો પર રાજ્યમાં દરેક સ્તરે દર વર્ષે વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવે છે.

વિજ્ઞાન પ્રદર્શનો શા માટે?

- સમર્થ બાળકોને તેમની વૈજ્ઞાનિક સમર્થતાનો વિકાસ કરવા.
- બાળ વૈજ્ઞાનિક પેદા કરવાને પ્રોત્સાહન આપવું.
- તેમને માનવ પ્રગતિમા વિજ્ઞાનની અને તકનીકી ભૂમિકા સમજવામાં મદદ કરવી.
- વિજ્ઞાનનો ફેલાવો કરવો.
- આપણા દેશની સામાજિક અને આર્થિક પ્રગતિમાં વિજ્ઞાનનાફાળા અંગે લોકોને પરિચિત કરવા.
- વિજ્ઞાન પ્રત્યેનો દ્રષ્ટિકોણ વિકસાવવો અને બાળકોમાં વિજ્ઞાન માટેનો રસ પેદા કરવો.
- સમર્થ બાળકોને વિજ્ઞાન અને તકનીકી જ્ઞાન કેવી રીતે વિકાસમાં વપરાય છે તે વિષે વિચારતા કરવા.

• પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને પી. ટી. સી વિભાગને આવરી લઇને રાજ્ય સ્તરના વિજ્ઞાન પ્રદર્શનના તમામ રજૂઆત નમૂનાઓ સાથેની નમૂનારૂપ વિવરણાત્મક પુસ્તિકા તૈયાર કરવી.

**વિજ્ઞાન – ગણિત પ્રદર્શનના આયોજનની રીત**

- ગુજરાત રાજ્યમાં વિજ્ઞાન –ગણિત પ્રદર્શનો પ્રાથમિક સ્તરના બાળકો માટે સી. આર. સી., બી. આર. સી., નગરપાલિકા અને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની શાળાઓ માટે એસ. વી. એસ. જીલ્લા અને ઝોન જેવાં વિવિધ સ્તરે યોજવામાં આવે છે.

- અંતિમ ચરણમાં જુદા જુદા જીલ્લાઓમાંથી ઉત્તમ પ્રદર્શનોને રાજ્ય સ્તરના પ્રદર્શનમાં યોજવામાં આવે છે.

- આ પ્રકારના પ્રદર્શનોનું આયોજન સ્થાનિક, જીલ્લા સ્તરે હકારાત્મક પ્રતિભાવ ઘડે છે અને અધિકૃત તેમ જ સમુદાયના પ્રતિનિધિઓ જીલ્લા સ્તરના પ્રદર્શનમાં હાજરી આપે છે.

## વિજ્ઞાનપાર્ક

- દરેક જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ખાતે વિજ્ઞાન પાર્ક સ્થાપવાનું આયોજન છે. તેમાં
  - જળસંગ્રહ
  - ટપક સિંચાઇ પદ્ધતિથી સંકુલ વિકાસ
  - બિન પરંપરાગત ઉર્જાના સ્ત્રોતોના મહત્વ સમજાવતા નમૂના બિનપરંપરાગત ઉર્જા મંત્રાલયની સહાયની ઉર્જા પાર્કમાં મૂકવામાં આવશે.

**જેમાંના કેટલાક નમૂનાઓ નીચે મુજબ છે:–**

- શું હાડપિંજર સાયકલ ચલાવી શકે ?
- લીવર ચલાવો અને નક્કી કરો.
- ઢાળનો જાદુ
- સોલારકૂકર
- લીવર (ઉચ્ચાલન) ના પ્રકાર.

- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સુરેન્દ્રનગર, ભાવનગર, વડોદરા, રાજપીપળા, જામનગર, વિકસાવવામાં આવેલા.

**ઉર્જા પાર્ક**

- વિજ્ઞાન પાર્કની સાથોસાથ, જી.સી.ઇ.આર.ટી.ની નાણાંકીય સહાય અને માર્ગદર્શનની ઉર્જાપાર્ક પણ વિકસાવવામાં આવે છે.

- બિનપરંપરાગત ઉર્જાના ઉપયોગ વિશે શિક્ષકો, બાળકો અને સમુદાયોમાં જાગૃતિ ખીલવવા માટે મોટા ભાગના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં જી.સી.ઇ.આર.ટી. અને ગુજરાત ઉર્જા વિકાસ એજન્સીની સહાય અને સહયોગથી ઉર્જા પાર્કની સ્થાપના કરવામાં આવે છે.

- બિનપરંપરાગતઉર્જાના સ્ત્રોતોના મોડલ.
- સૌર ઉર્જાથી ચાલતો પાણીનો પમ્પ
- સૌર શેરી દીવા
- શુદ્ધ પાણીના પ્લાન્ટોનો નમૂનો
- સોલારડ્રાયર
- પવનચક્કી
- ઘરવપરાશના સોરદિવા, સૌર રેડિયો, સૌર ફાનસ
- સૌર શૈક્ષણિક કીટ, સોલાર કૂકર
- ટપક સિંચાઇ પદ્ધતિથી સંકુલ વિકાસ

## વિજ્ઞાન – ગણિત મંડળ

- દરેક જિલ્લામાં, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના ઉપક્રમે વિજ્ઞાન–ગણિત મંડળ સ્થાપવામાં આવેલ છે.

- સંબંધિત જિલ્લાતમાં વિજ્ઞાન–ગણિતમાં બાળકોનો સિદ્ધિ અંક વધારવાના હેતુથી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરીને હાથ ધરવામાં આવે છે.

- વર્ષમાં એક વખત, વિજ્ઞાન–ગણિત શિક્ષણનું પરિણામ સુધારવાના હેતુથી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના આચાર્ય, જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી બી.આર.સી., સી.આર.સી. ના પ્રતિનિધિઓ અને અન્ય નિષ્ણાતો સહિત તમામ સભ્યોને એકત્રિત કરવામાં આવે છે અને વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.
- તમામ જિલ્લાઓમાં, આ કલબ દ્વારા પઠન/વિવરણ અને વિજ્ઞાનને લગતી બાબતોમાં અખબારી નોંધોનો સંગ્રહ.

***Reading of Science, Mathematics books by students, its briefing, and cutting of press note about the science matters and particular articles from certain magazine and prepare album at school level.***

વિજ્ઞાન–ગણિત ના વિષયો પર વકતૃત્વનું આયોજન

વિજ્ઞાન જન્મ–દિવસની ઉજવણી.

***To prepare question bank in science-math's for primary school teachers.***

પ્રાથમિક શિક્ષકોની મદદથી સી.આર.સી. અને બી.આર.સી. સ્તરે શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ માટે પ્રાયોગિક કામગીરીનું નિર્દશન.

તાલીમ કાર્યક્રમ દરમિયાન જિલ્લા્ તાલીમ અને શિક્ષણ ભવન કક્ષાએ સેવા અંતર્ગત શિક્ષકો માટે કેટલીક પ્રાયોગિક કામગીરીનું નિદર્શન.

નાનાપાયે સંશોધન કામગીરી હાથ ધરવી

વિજ્ઞાન–ગણિત સંબંધી જાદુઇ પ્રયોગો

***Experiments based on science-Math's kit.***

કાગળ કળા કાર્યશાળા

બુદ્ધિ ચાતુર્ય કસોટી

ઓછી કિંમતના વૈજ્ઞાનિક રમકડાનું નિદર્શન

પ્રાથમિક શાળાના શિક્ષકો માટે ગણિત–વિજ્ઞાન વિષયક તાલીમ કાર્યક્રમ

- ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરીષદે ભાવનગર યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના સહયોગથી પ્રાથમિક શાળા કક્ષાએ વિદ્યાર્થીઓની સિદ્ધિ ઉપર એક રાજ્ય વ્યાપી મહા સંશોધન પ્રોજેક્ટ હાથ ધર્યો છે.

- વિદ્યાર્થીઓની સિદ્ધિની વિજ્ઞાન અને ગણિતના અધ્યયનમાં ઘટકવાર અને જિલ્લા વાર રૂપરેખાના આધારે પડતી મુશ્કેલી શોધી કાઢવામાં આવી છે. દરેક જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવને વિજ્ઞાન અને ગણિત એકમના માર્ગદર્શન હેઠળ ઘટક અને જિલ્લા સ્તરે પ્રાથમિક શિક્ષકોના તાલીમ કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવેલ છે.

કલસ્ટર કક્ષાએ ક્ષમતા નિર્માણ

ગુજરાતના દરેમ જીલ્લામા; સી.આર.સી. (CRC) સ્તરે વિજ્ઞાન અને ગણિતમાં શિક્ષકોના ક્ષમતા નિર્માણ માટે એક વિજ્ઞાન અને બીજા ગણિત એમ બંનેથી બનતા સમુદાય સંસાધન જૂથના બે સભ્યો ઉત્કૃષ્ટ કામગીરી કરી રહ્યાં છે. ૬૩૯૪ સીઆરજી સભ્યો આ કાર્યમાં વ્યસ્ત છે.

ટેલીકોન્ફરન્સ

ગુજરાતના દરેક જિલ્લા.માં સી.આર.સી. સ્તરે ગણિત અને વિજ્ઞાનમાં શિક્ષકોના ક્ષમતા નિર્માણ માટે, ગણિત માટે એક અને વિજ્ઞાન માટે એક એવી રીતે સી.આર.જી. ના બે સભ્યોજ ઉત્તમ કામગીરી કરી રહ્યા છે. ગુજરાતમાં સી.આર.સી. કક્ષાએ ૮૫૩૬ સભ્યો આ કામગીરીમાં વ્યસ્ત છે.

ઈકોકલબ

ઈકો કલબ શાળા સ્તરે વિદ્યાર્થીઓ અને શિક્ષકોનું એવું મંડળ છે જે પર્યાવરણ જાગૃતિ અને તંદુરસ્ત પર્યાવરણના નિભાવ માટે કામ કરે છે.

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરીષદ (GCERT) એ ઈકો કલબ સ્થાપવા માટે પ્રાથમિક શાળાઓ અને તમામ જિલ્લાઓ શિક્ષણ અને તાલીમ ભવનોને મદદ કરેલી છે.

વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા બાળકો અને શિક્ષકોમાં પર્યાવરણ – સાનુકૂળ અભિગમ ખીલવવા માટે પ્રયત્નો્ કરવામાં આવે છે. વર્ષ ૨૦૦૬ દરમિયાન ૪૦૦૦ પ્રાથમિક શાળાઓ અને તમામ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં અને જીબીટીસી રાજપીપળા અને આરજીટી પોરબંદર ખાત અજમાયશી ધોરણે ઈકો કલબ શરૂ કરવામાં આવેલી.

તમામ શાળાઓ હકારાત્મશક પ્રતિસાદ સાંપડતા, સન ૨૦૦૭ માં ૩૨૫૧૨ સરકારી પ્રાથમિક શાળાઓ અને તમામ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં ઈકો કલબ શરૂ કરવામાં આવેલી.

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ પર્યાવરણ જાગૃતિના હેતુથી તમામ જિલ્લા માંથી પસંદ થયેલી વ્યેકિતઓ માટે ‘‘સંસાધન વ્યક્તિ તાલીમ કાર્યક્રમ’’ પણ યોજેલો છે. તંદુરસ્તમ સંબંધી શાળાકીય પ્રવૃત્તિઓ નીચે મુજબ છેઃ

- તંદુરસ્ત માટી તૈયાર કરવી.
- • ઔષધીય વનસ્પાતિઓનો ઉધાન બનાવવો.
- • શાકભાજી વાવેતર.

- • વાવેતર અંગે જાગૃતિ
- • શાળા સફાઇ, મેદાન સફાઇ અને સજાવટ યોજવી.
- • કંપોસ્ટા ખાડા તૈયાર કરવા
- • પર્યાવરણ સંતુલન પર બુદ્ધિચાતુર્ય ક્ષમતા
- • પ્લાસ્ટિક બેગના વપરાશ પર નિયંત્રણ અંગે રેલી
- • વરસાદી પાણીનો સંચય
- • મહત્વના પર્યાવરણ સ્થળની મુલાકાત
- • પોસ્ટર બનાવવાની સ્પર્ધા, શાળા સ્તરે પર્યાવરણ સંરક્ષણ પર નાનું પ્રદર્શન.
- • જાહેર સ્થળોએ સ્વચ્છતા અંગે શિક્ષણ.

## ગણિત પ્રયોગશાળા

ગણિત એક એવો વિષય છે કે જેનાથી મોટા ભાગના વિદ્યાર્થીઓ ડરતા હોય છે. ગણિતનો હાઉ લાગ્યા કરતો હોય છે.

દરેક વ્યકિત દરરોજ જાણ્યે અજાણ્યે ગણિતનો ઉપયોગ કરતા હોઈ છે, પરંતુ તેની જાણ હોતી નથી.

ગણિત માટે પહેલેથી એક પૂર્વગ્રહ બંધાયેલો છે કે ગણિત એ અઘરો વિષય છે પરંતુ એવું નથી ગણિત એ સૌથી સહેલો વિષય છે.

વિદ્યાર્થીઓમાં ગણિતનો હાઉ દુર કરવા અને ગણિત અઘરો છે તે પૂર્વગ્રહ દુર કરવા શિક્ષકોએ ઘણી મહેનત કરવી પડશે. ગણિતને રમત દ્વારા, યોગ્ય ઉદાહરણ દ્વારા, પ્રયોગ દ્વારા, યોગ્ય સાધનોના નિદર્શન દ્વારા, ટી.એલ.એમ.ની મદદ દ્વારા રસમય અને સરળ બનાવી શકાય છે ફક્ત જરૂર છે થોડાક વિઝનની, સર્જનાત્મકતાની, ઊંડા વિચારની, હકારાત્મક વિચારોની, ગણિતને રમત દ્વારા, યોગ્ય ઉદાહરણ દ્વારા, પ્રયોગ દ્વારા, યોગ્ય સાધનોના નિદર્શન દ્વારા, ટી.એલ.એમ.ની મદદ દ્વારા રસમય અને સરળ બનાવવ માટે ગણિત પ્રયોગશાળા એક ઉત્તમ રિસોર્સ છે.

ગણિત પ્રયોગશાળાથી ગણિતને રસમય બનાવી શકાય છે તથા સંકલ્પનાને સરળતાથી અને અસરકારક રીતે શીખવી શકાય છે. ગણિત પ્રયોગશાળા દ્વારા, વિદ્યાર્થીઓમાં નિર્ણય

shikshansagar.com

શક્તિ, તર્ક શક્તિ, ચોકસાઇનો ગુણ, એકાગ્રતાનો ગુણ,અંદાજ કાઢવાનું કૌશલ્ય, ગણન કૌશલ્ય, માપન કૌશલ્ય, સર્જનાત્મકતા જેવા ગુણોનો વિકાસ કરી શકાય છે. "

માહિતી અને સંચાર ટેકનોલોજી

 શિક્ષણમાં ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ કરીને પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે માહિતી અને સંદેશા વ્યચવહાર ટેકનોલોજી વિભાગ (ICT) કામ કરી રહ્યો છે.

કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ :-

વિડીયો પરિસંવાદ

 DIET ને GCERT સાથે દ્વિમાર્ગીય શ્રાવ્ય / દ્રશ્ય સ્થાપવાના સતત પ્રયાસના ભાગ રૂપે, ભરૂચ નવસારી અને પોરબંદર ખાતેના ત્રણ નવા DIET ને વિડીયો કોન્ફરન્સ સવલતથી જોડવામાં આવ્યા છે

 DIET ગુજરાત રાજ્યના અન્ય DIET સાથે પણ સંપર્ક સ્થાપિત કરી શકે છે. આ સવલતના ઉપયોગ ઉપરાંત, આ સવલતને જ્યાં વ્યાખ્યાતાની જગા ખાલી હોય તેવા DIET માં વ્યાખ્યાતાની સેવાઓ લેવામાં પણ તેનો સંકલન સાધન તરીકે ઉપયોગ કરવામાં આવે છે

ટેલીફોનિક પરિસંવાદ

 ભાસ્કરાચાર્ય ઇન્સ્ટીટયુટ ઓફ સાયન્સ એપ્લીકેશનની મદદથી, GCERT એ સમગ્ર રાજ્યમાં DIET અને BRC (કેન્દ્રો ખાતે પ્રાથમિક શિક્ષકો માટે વિજ્ઞાન / ગણિતની વિષયવસ્તુા સમૃદ્ધ બનાવવા માટે ટેલીફોનિક પરિસંવાદનું આયોજન કરેલ છે.

 PTTI તાલીમાર્થીઓ માટે DTH સિસ્ટમ મારફત તમામ PTTI શાળા તત્પરતા કાર્યક્રમો (નવા પાઠ્યપુસ્ત ક ધો. ૧ અને ૨ ) માટે બીજો એડ ટેલીફોનિક પરિસંવાદ યોજાઇ ગયેલો

ઇન્ટફરનેટ અને ઇ-મેઇલનો ઉપયોગ

 GCERT અને DIET નો ગુજરાત સ્ટેટ વાઇડ એરીયા નેટવર્ક ( GSWAN ) થી જોડેલ છે.

 ફેકલ્ટી સભ્યો સંબંધિત ક્ષેત્રમાં પોતાનું સંશોધન કાર્ય કરવા માટે અથવા પોતાની જાણકારીને અદ્યવત કરવા માટે ઇન્ટરનેટનો ઉપયોગ કરે છે અને ઇ-મેઇલથી વહીવટી પ્રક્રિયા

ઝડપી, સરળ અને તુમાર વગરની બની શકે છે. તમામ ફેકલ્ટી સભ્યો, ઇન્ટરનેટ અને ઇ–મેઇલ નો ઉપયોગ કરે છે

વેબસાઇટ

 **DIET** દ્વારા **GCERT** ના માર્ગદર્શન હેઠળ અને માનવ સંશાધન વિકાસ મંત્રાલયો ની માર્ગદર્શિકાઓ તેમજ **NCTE** (નેશનલ કાઉન્સિનલ ફોર ટીચર્સ એજ્યુકેશન) ના ધોરણો અનુસાર પોત પોતાની વેબસાઇટો શરૂ કરી છે

## એજ્યુસેટ

 **GCERT** ની કચેરી ખાતે એજ્યુસેટ માટે ડિસ્ક અને કોમ્પ્યુટર સેટ–અપ ગોઠવવામાં આવેલ છે. આ સવલત મારફત (**BSC** ) અભ્યાકસક્રમ અને **NCF** – ૨૦૦૫ પર **NCERT, CIET** દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે

## માહિતી અને સંચાર ટેકનોલોજી

શિક્ષણ ટેકનોલોજીના વ્યાખ્યાવતાઓ અને તકનીક વિદોનું સંગિનીકરણ :
શૈક્ષણિક ટેકનોલોજીના ફેકલ્ટી ઓ માટેની ક્ષમતા નિર્માણ કાર્યશાળાનું આયોજન કરીને વિવિધ સોફ્ટવેર, ગુજરાત સ્ટેટ વાઇડ એરીયા નેટવર્કની કામગીરી, કોમ્પ્યુવિટર હાર્ડવેર, ભાસ્કારાચાર્ય ઇન્સ્ટીટયુટ ઓફ સાયન્સ એપ્લીકિશનની મુલાકાત જેવા વિવિધ મુદ્દાઓની પ્રત્યક્ષ જાણકારી આપવામાં આવેલી.

## સ્માર્ટક્લાસઃ

• સ્માર્ટ કલાસ શીખવા અને શીખવવાની પ્રક્રિયા માટેની એક આધુનિક પદ્ધતિ છે.

• જીસીઇઆરટી કચેરી અને તેના તાબાની જિલ્લાની કચેરીઓ ખાતે સ્માર્ટ ક્લાસ ઇન્સ્ટોલ કરવામાં આવેલ છે.

shikshansagar.com
The King of Education

સીટીઇ/આઇ.એ.એસ.ઇ.

## પ્રસ્તાવના

કોલેજ ફોર ટિચર એજ્યુકેશન (*CTE*) ને એડવાન્સ સ્ટડી ઇન એજ્યુકેશન કેન્દ્રીય પુરસ્કૃત યોજના છે. આયોજના હેઠળ ૧૦ બી. એડ કોલેજોને ગુજરાતમાં કોલેજ ફોર ટિચર એજ્યુકેશન અને ઈન્સ્ટિટયુટ ફોર એડવાન્સ સ્ટડી ઇન એજ્યુકેશનની કક્ષામાં મૂકેલી છે.

ગુજરાતમાં *CTE* અને *IASE* કાર્યરત છે. આ સંસ્થાઓ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં ગુણાત્મક સુધારણા લાવવા માટે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમપરિષદ સાથે કામ કરી રહી છે.

# *CTE / IASE* ના કાર્યો

**CTE નાકાર્યો**

- • માધ્યમિક શિક્ષકો તૈયાર કરવા માટેના પૂર્વ સેના અધ્યાપન શિક્ષણ અભ્યાસક્રમો તૈયાર કરવા.
- • ટૂંકા ગાળાના નિશ્ચિત અભ્યાસક્રમો ઉપરાંત દર ૫ વર્ષે ઓછામાં ઓછો એક વિષયલક્ષી તાલીમ અભ્યાસક્રમ સહિત સેવા અંતર્ગત શિક્ષકોના શિક્ષણ આયોજકો દ્વારા લાંબા ગાળાનો વિષયલક્ષી (૩ થી ૪ અઠવાડિયાના સમયગાળામાં) અને ટૂંકા ગાળાનો વિષય વસ્તુ નિર્દિષ્ટ (૩ થી ૧૦ દિવસના સમયગાળાનો, તાલીમ કાર્યક્રમ યોજવો.
- • માધ્યમિક શાળાઓ, શાળા સંકુલો અને વૈયક્તિક શિક્ષકોને વિસ્તરણ અને સંસાધન સહાય સેવા પૂરી પાડવી.
- • શાળેય શિક્ષણમાં પ્રયોગો અને નવીકરણ હાથ ધરવું.
- • શૈક્ષણિક ક્ષેત્રના નવા વિષયો એટલે મૂલ્યલક્ષી શિક્ષણ, વસતી શિક્ષણ, શિક્ષણ ટેકનોલોજી, કોમ્પ્યુટર સાક્ષરતા, વ્યવસાય શાખા અને વિજ્ઞાન શિક્ષણ માટે તાલીમ અને સંસાધન સહાય પૂરી પાડવી.

# *IASE* ના કાર્યો

- • વ્યાવસાયિકમંડળોને (સંસ્થાઓને) સહાય કરવી.
- • શિક્ષકો તૈયાર કરવાની કામગીરીમા; સામાજીક સહભાગીતાને પ્રોત્સાહન આપવું.

- • ઉપરના કાર્યો ઉપરાંત, આ સંસ્થાઓ નીચેની કામગીરી કરશે:
- • પ્રારંભિક શિક્ષક કેળવણીકારો તૈયાર કરવાન હેતુથી પ્રારંભિક શિક્ષક અધ્યાપનમાં કાર્યક્રમો ગોઠવવા.
- • ૧ પ્રારંભિક અને માધ્યમિક શિક્ષક કેળવણીકારો
- (૨) માધ્યમિક શાળાઓના આચાર્યો.
- (૩) માધ્યમિક શાળાઓના નિરીક્ષણ સાથે સંકળાયેલી વ્યક્તિઓ માટે સેવા અંતર્ગત અભ્યાસક્રમો નું આયોજન

૨ શિક્ષકોના શિક્ષણમાં અંતિમ કાર્યક્રમો / પ્રારંભિક કાર્યક્રમો
૩ ખાસ કરીને, આંતર વિદ્યા શાખાકીય પ્રકારના એટલે શિક્ષણ અને આર્થિક વિકાસ વિજ્ઞાન, શૈક્ષણિક મનોવિજ્ઞાનના શિક્ષણમાં અગ્રીમ કક્ષાનું સૈદ્ધાંતિક, પ્રાયોજિત અને પ્રાયોગિક સંશોધન

## CTE / IASE ના શૈક્ષણિક આયોજકોના વિષય ક્ષેત્રો

- CTE / IASE ના શૈક્ષણિક આયોજકોના વિષય ક્ષેત્રો
- • શિક્ષણનું સ્થાપન
- • શિક્ષણ વિદ્યા અને પદ્ધતિ
- • શિક્ષણ ટેકનોલોજી
- • અધ્યયન / અધ્યાપનસામગ્રીનું નિર્માણ
- • કોમ્પ્યુટર શિક્ષણ અને સેવાઓ
- • તરુણી શિક્ષણ
- • પર્યાવરણ શિક્ષણ
- • ગ્રંથપાલ માટેના અભ્યાસક્રમો
- 
- IASE ના શૈક્ષણિક આયોજકોના વિષય ક્ષેત્રો
- • પ્રારંભિક શિક્ષણ
- • NFE ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ તાલીમ
- • ખાસ શિક્ષણ
- • આયોજન અને વ્યવસ્થાપન

**સી.ટી.ઇ.એસ./આઇ.એ.એસ.ઇ.એસ.ના ક્ષેત્ર વિસ્તાર (જિલ્લા)**

**સી.ટી.ઇ.એસ.ના ક્ષેત્ર વિસ્તાર (જિલ્લા)**

ક્રમ સી.ટી.ઇ.એસ.નું નામ જીલ્લા ક્ષેત્ર વિસ્તાર

૧ જી.એચ.સંઘવી, ભાવનગર ભાવનગર, અમરેલી

૨ એલ.એન.કે.પાટણ પાટણ, મહેસાણા, ભુજ

૩ વી.ટી.ચોકસી, સુરત સુરત, નર્મદા, ભરૂચ

૪ એમ.બી.પટેલ, વલ્લભવિદ્યાનગર આણંદ, ખેડા, પંચમહાલ

૫ એ.જી.ટીચર્સ, અમદાવાદ અમદાવાદ, સુરેન્દ્રનગર, રાજકોટ

૬ એચ.એમ.પટેલઇન્સ્ટીટયુટ ઓફ ઇંગ્લીશટ્રેનીંગએન્ડરીસર્ચ, વલ્લભવિદ્યાનગર પોરબંદર, જામનગર, જુનાગઢ

૭ આર.એસ.એમ. બિલ્લીમોરા વલસાડ, ડાંગ, નવસારી

૮ બી.ડી.શાહ કોલેજ, મોડાસા સાબરકાંઠા, પાલનપુર, ગાંધીનગર, દાહોદ

**આઇ.એ.એસ.ઇ.એસ. નાક્ષેત્ર વિસ્તાર (જિલ્લા)**

ક્રમ. આઇ.એ.એસ.ઇ.એસ. જીલ્લા ક્ષેત્ર વિસ્તાર

૧ ***Department of Education & Physiology, M. S. University, Vadodara*** વી.ટી.ચોકસી, સુરત સુરત, નર્મદા, ભરૂચ

આર.એસ.એમ. બિલ્લીમોરા વલસાડ, ડાંગ, નવસારી

એમ.બી.પટેલ, વલ્લભ વિદ્યાનગર આણંદ, ખેડા, પંચમહાલ

બી.ડી.શાહ કોલેજ, મોડાસા સાબરકાંઠા, પાલનપુર, ગાંધીનગર, દાહોદ

૨ શિક્ષા મહા વિદ્યાલ, ગુજરાત, વિદ્યાપીઠ, અમદાવાદ એલ.એન.કે.પાટણ પાટણ, મહેસાણા, ભુજ

જી.એચ.સંઘવી, ભાવનગર ભાવનગર, અમરેલી

એ.જી.ટીચર્સ, અમદાવાદ અમદાવાદ, સુરેન્દ્રનગર, રાજકોટ

આર.જી.ટી.કોલેજ, પોરબંદર જામનગર, જુનાગઢ, પોરબંદર

શિક્ષણની ઉચ્ચ અભ્યાસ સંસ્થા
શિક્ષણ મહા વિદ્યાલય,
ગુજરાત વિદ્યાપીઠ,
આશ્રમરોડ,
અમદાવાદ–૩૮૦૦૦

શિક્ષણ અને સાયકોલોજી વિભાગ,

એમ. એસ. યુનિવર્સિટી,
વડોદરા

શિક્ષક શિક્ષણ કોલેજ (સી.ટી.ઇ.)
આર. જી. ટીચર્સ કોલેજ,
બીરલા ફેકટરીની બાજુમાં,
પોરબંદર

બી.ડી.શાહ કોલેજ ઓફ એજયુકેશન,
પો.બો.નં.૧૫, કોલેજ કેમ્પસ,
મોડાસા–૩૮૩૩૧૫, જી.સાબરકાંઠા

શ્રી રંગ શિક્ષણ મહા વિદ્યાલય,
બીલીમોરા–૩૯૬૩૨૧,
તા.ગણદેવી, જી.નવસારી

વી.ટી.ચોકસીસાર્વજનીક કોલેજ ઓફ એજયુકેશન,
લાલ બંગલા પાસે,
અઠવાલાઇન, સુરત

જી.એચ.સંઘવી શિક્ષણ મહા વિદ્યાલય,
બી.પી.આઇ. સામે,
વિદ્યાનગર સોસાયટી,
ભાવનગર–૩૬૪૦૦૨

એમ.બી. પટેલ કોલેજ ઓફ એજયુકેશન,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર–૩૮૮૧૨૦

એચ.જી.ટીચર્સ કોલેજ,
યુનિવર્સિટી રોડ,
નવરંગપુરા,
અમદાવાદ–૩૮૦૦૦૯

shikshansagar.com
શિક્ષણ સાગર
ocean of Education

એલ.એન.કે. કોલેજ ઓફ એજ્યુકેશન કોલેજ,
કેમ્પસ,
પાટણ–૩૮૪૨૬૫

# પ્રકાશન

## જીવન શિક્ષણ

આ પ્રકાશન, સને ૧૮૬૨ માં ‘‘શાખાપત્ર’’ શિર્ષક હેઠળ શરૂ કરવામાં આવ્યું હતું.

ભારતમાં એક સદી બાદ સ્વાતંત્ર્યોત્તર કાળમાં રાજ્ય શિક્ષણ સંસ્થાની સ્થાપના કરવામાં આવી અને આ શાખાપત્રને ‘‘જીવનશિક્ષણ’’ નું નવું શિર્ષક આપવામાં આવ્યું

આ પ્રકાશન ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરીષદ દ્વારા પ્રકાશિત થતું માસિક સામયિક છે.

આ પ્રકાશન શિક્ષણની પ્રાચીન અને પ્રવર્તમાન પ્રણાલીઓ, શિક્ષણમાં ગુણાત્મક સુધારણા પ્રાપ્તણ કરવાના હેતુથી શિક્ષકોને નવતર પ્રયોગો અને શિક્ષણ પ્રણાલિઓ ઉપરના લેખોથી સમૃદ્ધ હોય છે.

વિષયવસ્તુ

આ પ્રકાશનમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે

- • “ભાર વગરનું ભણતર’’ – એ અભિગમને પ્રતિબિંબિત કરતું સાહિત્ય.
- • આનંદદાયક અને ક્ષમતા આધારિત પ્રવૃત્તિઓ.
- • વર્ગખંડ શિક્ષણમાં ઉપયોગી ગુણાત્મક સાહિત્ય.
- • શિક્ષકો અને તેમના વર્ગખંડ વ્યવહારોની સાફલ્ય ગાથા.
- • શિક્ષણ ઉપરના પ્રયોગાત્મક પ્રકલ્પો.
- • મહત્વકના પુસ્તોકોનો કેળવણીમાં આરંભ કરવો.
- • સંસ્કૃતિ અને રાષ્ટ્ર વાદનું જતન કરતું મૂલ્ય લક્ષી સાહિત્ય.
- • અધ્યાપન – અધ્યયન સામગ્રી સંબંધી માહિતી.
- • શિક્ષકોના અનુભવો અને અનુભવલક્ષી પદ્ધતિઓ.

- • મલ્યાંકન તકનીક.
- • પરિપત્રો.

## લેખકોની ટીમ

નવીનતા ધરાવતા પ્રાથમિક શાળાના શિક્ષકો
શિક્ષક કેળવનારો
શિક્ષણકાર

## સંપાદકીય મંડળ

શિક્ષણવિશે.
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) અને (DIET) ના નવ પ્રવર્તક સભ્યો

મુદત
માસિક

લવાજમ
સરકારી પ્રાથમિક શાળાઓ માટે મફત
બીજા માટે રૂ.૧૦૦

રમતોત્સવ
ઈકોકલબ

# પ્રસ્તાવના

 શિક્ષણની વિસ્તરતી ક્ષિતિજોએ વિકાસશીલ દેશો વિવિધ સમસ્યાઓ પ્રત્યે જાગૃત થઇ વિકાસયાત્રા વધુ સરળ બનાવવા તરફ ધ્યાન દોર્યું છે અને એટલે જ કમ્પ્યુટર શિક્ષણ, વસતિ શિક્ષણ, ર્જા શિક્ષણ, પર્યાવરણ શિક્ષણના નવા ક્ષેત્રો તરફ અભ્યાસીઓ આકર્ષાયા છે.
 નવા અભ્યાસક્રમોની સંરચના સમયે અભ્યાસક્રમ ઘડનારાઓએ આ પ્રકારના નવા વિષયોના સ્વરૂપ, વ્યાપ અને કાર્યક્ષેત્ર જેવા એકમોને અભ્યાસક્રમમાં સ્થાન આપ્યું છે.

પર્યાવરણ જાળવણી અને તે માટેના માનવકાર્ય તરફ સંયુકત નિર્દેશ કરતો વિષય એટલે પર્યાવરણ શિક્ષણ.

- વ્યકિતએ પોતાની આજુબાજુ રહેલી ઘણી બાબતો સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વ્યવહાર કરવાનો હોય છે. આ આસપાસની બાબતોમાં કેટલાક ભૌતિક અને કેટલાક સજીવ ઘટકોનો સમાવેશ કરી શકાય છે.

- માનવીની આ દુનિયામાં પર્યાવરણની ગતિવિધિને કારણે જીવનકાર્ય વધુનુ વધુ સરળ થતું આવ્યું છે. સૂર્યોદય થતાં જ પર્યાવરણના ઘટકો પરસ્પર સહકાર સાધી ચેતન સૃષ્ટિમાં જીવંતતા લાવે છે. દુનિયામાં વસ્તીવધારાએ અને માનવીની કેટલીક ખોટી દોટને કારણે પર્યાવરણનો પ્રશ્ન ભારે વિકટ બન્યો છે. ધરતી પ્રાણીઓ અને વનસ્પતિઓનું નિવાસસ્થાન છે.

- વર્ષ ૧૯૮૬ માં જાપાનમાં હિરોશીમા ખાતે અભ્યાસક્રમ સુધારણા ઉપર એક આંતરરાષ્ટ્રીય પરિષદમાં ડૉ. ગુણવંત શાહે " ***Gandhi and Global Peace*** " પર એક પેપર રજૂ કર્યું હતું જેમાં વૈશ્વિક ચાર સમસ્યાઓ પરત્વે ચિંતા વ્યકત કરવામાં આવી હતી તેમાંની એક સમસ્યા એટલે પર્યાવરણ સાથે અસમતુલન ( કુદરત સાથે હિંસા ) પર્યાવરણ સમતુલાનો પ્રશ્ન એ આજે એક વિશ્વ સમસ્યા છે.

- દિવસે – દિવસે પ્રદૂષણ વધવાથી તેના વિપરીત પરિણામોએ લોકોને વિચારતા કરી મુકયા છે. આ સંદર્ભે વર્ષ ૨૦૦૧ માં એક કૉન્ફરન્સ યોજાઇ હતી. જેમાં પર્યાવરણ સમતુલા જાળવવા અને લોકજાગૃતિ માટે નેશનલ ગ્રીન કોર્પ્સનો મુદો ચર્ચવામાં આવ્યો હતો.

- ભારતની સર્વોચ્ચ અદાલતે પણ આ પ્રકારની પર્યાવરણની પ્રવર્તમાન પરિસ્થિતિ પ્રત્યે ચિંતા વ્યકત કરીને તમામ પ્રકારના અભ્યાસક્રમોમાંપર્યાવરણને એક વિષય તરીકે દાખલ કરવા માટે હિમાયત કરી છે.

- આપણે સૌ પર્યાવરણના એક ભાગ છીએ. પર્યાવરણ તરફના આપણા દ્રષ્ટિકોણમાં ફેરફાર લાવી ઘણા પર્યાવરણીય પ્રશ્નો હલ થઇ શકે તેમ છે. આપણા વિસ્તારને ચોખ્ખો રાખીએ અને વસ્તુઓના પુનઃ ઉપયોગથી કુદરતી સ્ત્રોતનું જતન કરીએ.

- ૧૦૦ કરોડની વસતીવાળા આ દેશમાં આ બાબત રાતોરાત ફેરફાર થઇ શકે નહી. પરંતુ બાળકો દ્વારા સમાજની વર્તણૂંકમાં ફેરફાર કરી શકાય. બાળકોમાં સ્વાર્થ હોતો નથી અને તેઓના મનમાં નવા વિચારો સહેલાઇથી આપી શકાય છે. તેઓ આપણું ભવિષ્ય છે. દરેક બાળક પોતાના કુટુંબમાં અગત્યની અસર ઉપજાવી શકે છે.

તેથી ભારત સરકારે દેશના તમામ જિલ્લાઓમાં ઈકોકલબ ની સ્થાપના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

- આ અંતર્ગત રાજયની માધ્યમિક શાળાઓ આ કલબનીપ્રવૃતિઓ ચાલી રહી છે. આ કાર્યક્રમને વધુ વેગવાન અને અસરકારક બનાવવા માટે જીસીઈઆરટીના માધ્યમ દ્વારા રાજયની પ્રાથમિક શાળાઓમાં આ સ્થાપના કરી યુવાનોમાં પ્રકૃતિ અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવાનાપ્રયત્નોનેવેગવંત કરવામાં ચોકકસ મદદરૂપ થશે.

## ઈકોકલબ શું છે?

- ઈકોકલબ એટલે શાળાના પ્રકૃતિપ્રેમીવિદ્યાર્થીઓનું એવું એક સંગઠન કે જે પ્રકૃતિ અને પર્યાવરણ સંરક્ષણની કુશળતા અને જાણકારી પૂરી પાડતી એક અનૌપચારિક સક્રિય વ્યવસ્થા.

## મહત્વનો લક્ષ્યાંક

- પર્યાવરણ અંગેની જાગૃતિ કેળવવા તથા પર્યાવરણની સુધારણા અને રક્ષણ કરવા માટે જરૂરી પગલાં લેવા દેશમાં શાળાના બાળકોને સાંકળી ઈકોકલબની સ્થાપના કરવી.

## પરિસ્થિતિ વિજ્ઞાન(ઈકોલોજી)

- અંગ્રેજીમાં ***Ecology*** (સંતુલનશાસ્ત્ર) શબ્દ મુળ ગ્રીક શબ્દ ***'Oikas'*** એટલે કે પરિવાર સાથે સંબંધ શબ્દાર્થ સૂચવે છે. સંસ્કૃતમાં પણ એક સમાન શબ્દ છે. ઓસક જેનો અર્થ ઘર થાય છે.

- આમ પર્યાવરણ એ વિશ્વવ્પાયી પરિવારનો પ્રતિકાત્મક સંબંધ પણ સૂચવે છે. આમ ઈકોલોજી એટલે કુદરતમાં પ્રાણીઓ તથા વનસ્પતિ કઈ રીતે રહે છે તેના સંબંધોનું અભ્યાસ કરતું શાસ્ત્ર એટલેકે વિજ્ઞાનની એક શાખા એટલે પરિસ્થિતિ વિજ્ઞાન.

## શિક્ષકની ભૂમિકા

shikshansagar.com The King of Education શિક્ષણ સાગર

▯ સૌ પ્રથમ જે શાળાઓમાં આ કાર્યક્રમ અમલમાં મૂકાનાર છે તે શાળામાંથી એક શિક્ષકને પસંદ કરવામાં આવશે અને આ શિક્ષકોને ઓરિએન્ટેશન તાલીમ આપવામાં આવશે. સાથે ઈકોકલબનાસભ્યોને પોતાની શાળામાં તેમજ અન્ય શાળાઓમાં પર્યાવરણની જાગૃતિના કાર્યક્રમો તથા પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવાના રહેશે.

▯ શિક્ષક દ્વારા અઠવાડિયામાં ઓછામાં ઓછા એક કલાક માટે ઈકોકલબના સભ્યોને ભેગા કરી કોઇ ને કોઇ પ્રવૃત્તિ કરાવવાની રહેશે. આવતા અઠવાડિયામાં કઇ પ્રવૃત્તિ કરાવવી તે અંગે વિદ્યાર્થીઓ અભિપ્રાય આપે તે રીતનું પ્રોત્સાહન પૂરું પાડવાનું રહેશે. આચાર્ય સાથે ચર્ચા કરી તેના અમલ માટે જરૂરી તૈયારી કરવાની રહેશે.

## પ્રવૃત્તિઓ

• પ્રાથમિક શાળાના બાળકોની બનેલી ઈકોકલબ સમાજને વધુ ઉપયોગી બને એ માટે નીચેના જેવી બાબતો મુખ્ય છે.

- • ઘન કચરાનો નિકાલ.
- • પ્રદૂષણ અટકાવવામાં મદદગારી.
- • પાણીની અછત નિવારણની કામગીરી.
- • નાગરિક સુવિધાઓમાં મદદગારી.
- • સ્કુલ, ગ્રામ્ય વિસ્તારમાં વૃક્ષારોપણ.
- • પાણીનો બગાડ અટકાવવાની જાગૃતિ.
- • જાહેર બાગ – બગીચાની જાળવણી.
- • લોકોમાં પર્યાવરણની સુધારણાનો મૈત્રીભર્યો અભિગમ અને વલણ તથા અભિરૂચિ કેળવવી.
- • જમીન અને ભેજ સંરક્ષણ અંગેની જાગૃતિ કેળવવી.

• ઈકોકલબ અંતર્ગત શાળાકીય પ્રવૃતિઓ

- • સ્વસ્થ જમીનની રચના.
- • શાળા ઔષધબાગની રચના કરવી.
- • શાકભાજીના બગીચા કરવા.
- • કચરાનાં કંપોઝ ખાડા કરવાં.
- • પર્યાવરણની દ્રષ્ટિએ અગત્યના સ્થળો જેવા કે વન્ય પ્રાણી ઉદ્યાનો, અભ્યારણ્યો તથા પ્રદૂષણ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત ગોઠવવી. જાગૃતિ માટે શિબિરોનું આયોજન કરવું.

- • શાળાઓમાં કે જાહેર જગ્યાઓમાં વૃક્ષોના વાવેતરની કામગીરી તેમજ શાળા, કૉલોની, જાહેર સ્થળો અને તેમની આસપાસની જગ્યાએ સ્વચ્છતાની પ્રવૃત્તિ કરવી. વ્યકિતગત સ્વચ્છતા પ્રત્યે સભાનતા ઉભી કરવી. જેમકે જમતાં પહેલાં હાથ ધોવા, ડોયાથી પાણી પીવું, નખ કાપવા, ખોરાક – પાણીને ઢાંકીને રાખવા, ગંદકી કરવી નહિં.
- • જાહેર સ્થળોની સ્વચ્છતા જાળવવા શિક્ષણ આપવું.
- • શાળા કે બહારના જાહેર બાગ – બગીચાની સ્વચ્છતા અને જાળવણી માટે સભાનતા કેળવવી.
- • આ કાર્યક્રમ અંતર્ગત પર્યાવરણ અંગેની સ્પર્ધાઓ અને વાર્તાલાપ અંદરો અંદર યોજવા. દા.ત. ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા.
- • ઉત્સવોની ઉજવણી કરવી. વિશ્વ પર્યાવરણ દિન, વનમહોત્સવ, વન દિવસ વગૅરે.

## તાલીમ

- આ સંદર્ભે રાજયકક્ષાએથી તાલીમનું આયોજન કરીને શાળા સુધી પહોંચવાનો અભિગમ રહેલો છે. રાજય કક્ષાએ યોજાતી તાલીમ દરમ્યાન વિવિધ પર્યાવરણ અંગે કાર્ય કરતી સંસ્થાઓની પણ મુલાકાત કરાવવામા્ આવે છે.

- રાજયકક્ષાએથી તૈયાર થયેલ તજજ્ઞો દ્વારા જિલ્લા કક્ષાએ અને શાળાઓના શિક્ષકોને તાલીમ આપવામાં આવે છે.

## પ્રકાશનો

- આ કાર્યક્રમમાં સમાવિષ્ટ તમામ શાળાઓને આ અંતર્ગત કરવામાં આવતી પ્રવૃત્તિઓ અંગેનું જરૂરી સાહિત્ય તૈયાર કરી આપવામાં આવેલ છે. જેમાં સ્વસ્થ જમીનનું નિર્માણ કેવી રીતે કરવું, શાળામાં તથા બહાર વનસ્પતિ સંરક્ષણ કેવી રીતે કરવું, શાળામાં ઔષધબાગની રચના કેવી રીતે કરવી તથા અન્ય દિવસોની ઉજવણી તથા આ અંગે યોજવાની થતી સ્પર્ધાઓ વિશે પણ સાહિત્ય તૈયાર કરી શાળાઓને આપવામાં આવેલ છે.

## આંકડા

 પ્રાથમિક શાળાઓમાં આ કાર્યક્રમનું અમલીકરણ કરીએ ત્યારે શિક્ષકના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓની ટુકડીઓ બનાવી આ અંતર્ગત પ્રવૃત્તિઓ કરાવી શકાય. જેથી પ્રાથમિક કક્ષાએથી વિદ્યાર્થીઓમાં પર્યાવરણ જાળવણી સંદર્ભે જાગૃતતા કેળવી શકાય.

 જયારે તાલીમી સંસ્થાઓમાં આ કાર્યક્રમનું અમલીકરણ કરીએ ત્યારે સંસ્થાના તાલીમાર્થીઓને પ્રોજેકટ વર્ક આપીને આ પ્રવૃત્તિઓ કરાવી શકાય. જેને મૂલ્યાંકન પ્રક્રિયા સાથે પણ જોડીને કાર્યક્રમને વધુ અસરકારક બનાવી શકાય.

 વર્ષ ૨૦૦૬થી અજમાયશી ધોરણે ૪૦૦૦ પ્રાથમિક શાળાઓ તથા ૨૬ ડાયટમાં અમલીકરણ કરવામાં આવેલ હતુ.

 હકારાત્મક પ્રતિભાવોને આધારે વર્ષ ૨૦૦૭થી રાજયની તમામ પ્રાથમિક( ૩૨૫૧૨) શાળાઓમાં અને ૨૬ ડાયટ તથા જીસીઈઆરટી સંચાલીત ૨ બી.એડ સંસ્થામાં અમલીકરણ કરવામાં આવેલ છે.

 શાળા દીઠ ગ્રાંટ આપવામાં આવે છે.

## વિજ્ઞાન પ્રદર્શન

 એન. સી. ઇ. આર. ટી., નવી દિલ્હી વર્ષ *1971* થી દર વર્ષે રાષ્ટ્રિય વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરે છે.

 તે વર્ષ *1988* થી બાળકો માટે ‘જવાહર નહેરુ વિજ્ઞાન પ્રદર્શન તરીકે ઓળખાય છે. એન. સી. ઇ. આર. ટી દ્વારા પરિચિત વિષયો પર રાજયમાં દરેક સ્તરે દર વર્ષે વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવે છે.

વિજ્ઞાન પ્રદર્શનો શા માટે?

- • સમર્થ બાળકોને તેમની વૈજ્ઞાનિક સમર્થતાનો વિકાસ કરવા.
- • બાળ વૈજ્ઞાનિક પેદા કરવાને પ્રોત્સાહન આપવું.
- • તેમને માનવ પ્રગતિમા વિજ્ઞાનની અને તકનીકી ભૂમિકા સમજવામાં મદદ કરવી.
- • વિજ્ઞાનનો ફેલાવો કરવો.
- • આપણા દેશની સામાજિક અને આર્થિક પ્રગતિમાં વિજ્ઞાનનાફાળા અંગે લોકોને પરિચિત કરવા.
- • વિજ્ઞાન પ્રત્યેનો દ્રષ્ટિકોણ વિકસાવવો અને બાળકોમાં વિજ્ઞાન માટેનો રસ પેદા કરવો.

• • સમર્થ બાળકોને વિજ્ઞાન અને તકનીકી જ્ઞાન કેવી રીતે વિકાસમાં વપરાય છે તે વિષે વિચારતા કરવા.

• • પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને પી. ટી. સી વિભાગનેઆવરી લઇને રાજ્ય સ્તરના વિજ્ઞાન પ્રદર્શનના તમામ રજૂઆત નમૂનાઓ સાથેની નમૂનારૂપ વિવરણાત્મક પુસ્તિકા તૈયાર કરવી.

વિજ્ઞાન – ગણિત પ્રદર્શનના આયોજનની રીત

 ગુજરાત રાજ્યમાં વિજ્ઞાન –ગણિત પ્રદર્શનો પ્રાથમિક સ્તરના બાળકો માટે સી. આર. સી., બી. આર. સી., નગરપાલિકા અને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની શાળાઓ માટે એસ. વી. એસ. જીલ્લા અને ઝોન જેવાં વિવિધ સ્તરે યોજવામાં આવે છે. અંતિમ ચરણમાં જુદા જુદા જીલ્લાઓમાંથી ઉત્તમ પ્રદર્શનોને રાજ્ય સ્તરના પ્રદર્શનમાં યોજવામાં આવે છે.

 આ પ્રકારના પ્રદર્શનોનું આયોજન સ્થાનિક, જીલ્લા સ્તરે હકારાત્મક પ્રતિભાવ ઘડે છે અને અધિકૃત તેમ જ સમુદાયના પ્રતિનિધિઓ જીલ્લા સ્તરનાપ્રદર્શનમાં હાજરી આપે છે.

રમતોત્સવ

પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે દર વર્ષે શાળા, ***CRC, BRC,*** જિલ્લા, ઝોન અને રાજ્ય કક્ષાએ રમતોત્સવ યોજવો જોઇએ

પી.ટી.સી. કોલેજના તાલીમાર્થીઓ અને વ્યાસખ્યાતાઓ માટે દર વર્ષે ઝોન અને રાજ્ય કક્ષાએ રમતોત્સવ યોજવો જોઇએ

બાળમેળા

 બાળમેળો એ ભાગ લેનાર બાળકો માટેની આનંદયાત્રા છે. તથા તેના સર્વાંગી વિકાસ માટેનો અવસર છે. એનાથી બાળકના મનમાં વિકાસ માટેની અલગ–અલગ દિશા ખૂલે છે.

જે તેના ભવિષ્ય માટે તેના મનમાં કશાકનુંઆપણ કરી જાય છે. આ બીજારોપણ ભવિષ્યમાં વૃક્ષ બની પાંગરે છે.

 બાળમેળા એ તો બાળકોને અભિવયકિત થવાનો કાર્યક્રમ છે. બાળકોમાં પડેલી સુષુપ્ત શકિતઓને જાગૃત કરવાનો કાર્યક્રમ છે. બાળકોમાં આત્મશ્રધ્ધા અને આત્મવિશ્વાસ પ્રેરવાથી કાર્યશીલતા સંતોષાય છે. સામૂહિક ભાવના વિકસે છે. વિચાર શકિત વિકસે છે. તેમનામાં મૂલ્યોનુંઘડતર થાય છે અને અત્મવિશ્વાસ વધે છે. આ પ્રકારના બાળમેળાજીસીઇઆરટી દ્વારા ગુજરાત રાજયની તમામ સરકારી પ્રાથમિક શાળામાં યોજાય છે. પરિણામે નાંમાકન, સ્થાયી કરણ અને ગુણવત્તા સુધારણા વધવા પામી છે.

બાળમેળાનો હેતુ

- બાળકોની ક્રિયાશીલતાનેપોષાય
- બાળકોની જિજ્ઞાશા જાગૃત થાય
- બાળકોની સામૂહિક ભાવના વિકસે
- બાળકોની સર્જનવૃત્તિ સંતોષાય
- બાળકોની વિચારશકિત વિકસે
- બાળકો અંતઃતૃપ્તિ અનુભવે
- બાળકોનો આત્મવિશ્વાસ વધે
- બાળકોને અભિવ્યકત થવાની તક મળે
- વ્યવસ્થા, શિસ્ત, સમયપાલન, ચોકસાઇ, સ્વચ્છતા જેવા ગુણો વિકસે

બાળમેળાની પ્રવૃત્તિ

- • ગીત – સંગીત – અભિનય
- • બાલરમત
- • બાલવાર્તા
- • બાલનાટક
- • માટીકામ
- • છાપકામ

- ચિત્રકામ
- રંગપૂરણી
- ગડીકામ
- કાતરકામ
- ચીટકકામ
- વિજ્ઞાનના સાદા પ્રયોગો
- જાદુનગરી
- ભાષા–ગણિત શિક્ષણ

બાળમેળાનું આયોજન

- • ઉપર દર્શાવેલ પ્રવૃત્તિઓ મુજબ એક તજજ્ઞ પસંદ કરવા.
- • પ્રવૃત્તિદિઠ અલગ અલગસ્ટોલ/વર્ગખંડ રાખવા.
- • બાળકોની સંખ્યા પ્રમાણેના ગ્રુપ પાડવા.
- • દરેક પ્રવૃત્તિના સ્ટોલ/વર્ગખંડમાં બાળકોના ગ્રુપને મોકલવા.

shikshansagar.com
શિક્ષણ સાગર
King of Education

• • ત્રીસ મીનીટ બાદ બેલ વાગે એટલે બાળકોનું ગ્રુપ એક પ્રવૃત્તિના સ્ટોલ/વર્ગખંડ માંથી નીકળી બીજા પ્રવૃત્તિના સ્ટોલ/વર્ગખંડમાં જાય. આવી રીતે દર ત્રીસ મીનીટે બાળકોના ગ્રુપ બદલવા.

• • બાળમેળામાં જાડાયેલ બાળકો માટે નાસ્તો અને પાણીની વ્યવસ્થા કરવી.

બાળમેળાથી થતા ફાયદા

• • ગીત–સંગીત દ્વારા બાળકો તાલબધ્ધ રીતે ગાતા શીખે છે.

• • બાલરમત દ્વારા એકાગ્રતા, ધીરજ, સહિષ્ણુતા, શિસ્ત, વ્યવસ્થા, નિયમપાલન, સહકાર અને ખેલદીલી જેવા ગુણોનોવિકસે છે.

• બાલનાટક દ્વારા  વકતૃત્વશકિતનો વિકાસ થાય છે. તેમજ અભિનય કૌશલ્ય વિકસે છે.

• માટીકામ દ્વારા આંખ અને હાથના આંગળાઓનું સામંજસ્યકેળવાય છે. જે વસ્તુનું સર્જ કયું હોય તે વસ્તુ વિશે વિશેષ જ્ઞાન મેળવે છે.

• છાપકામ દ્વારા સર્જનશકિત અને હસ્તકૌશલ્યનો વિકાસ થાયછે. તેમજ રંગોથી પરિચિત થાય છે.

• ચિત્રકામ દ્વારા આંગળાના સ્નાયુઓ કેળવાય છે અને સૌંદર્ય દ્રષ્ટિ વિકસે છે. લેખનકાર્ય સુંદર બને છે.

• રંગપૂરણીથી સ્વચ્છતા અને ચોકસાઇના ગુણો વિકસે છે.મિશ્ર રંગો બનાવતા શીખે છે.

• ગડીકામથી નકામી વસ્તુઓનો ઉપયોગ કરતા શીખેછે.રચનાત્મક કલ્પનાઓનો વિકાસ થાય છે.

દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ

ઉદેશ/હેતુ

0 • પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રમાં વર્તમાન ટેકનોલોજીનો ઉપયોગ કરવો. તેના માધ્યમથી બાળકોને ગુણવત્તા સભર શિક્ષણ મળે તેવો પ્રયાસ કરવો.

0 • બાયસેગના માધ્યમથી ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી અને અન્ય વિષયના લેસન પ્રસારિત કરવા.

0 • શાળાઓમાં જયાં ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી વિષયના શિક્ષકોની ઘટ હોય ત્યાં બાળકોને શિક્ષકનાઅભાવમાં કચાશ ન રહે તેવા પ્રયાસ કરવા.

0 • વિદ્યાર્થીઓને નૂતન પદ્ધતિથી શિક્ષણનો અનુભવ આપવો.

0 • વિદ્યાર્થીઓને નૂતન પદ્ધતિથી શિક્ષણનો અનુભવ આપવો.

0 • શાળા શાળા વચ્ચે તેમજ વિસ્તાર વચ્ચેના તફાવતને દૂર કરવો.

0

યોજના વિશે

0 આ કાર્યક્રમ છ થી આઠ ધોરણના બાળકો માટે પ્રસારિત કરવામાં આવે છે.
0 જુલાઈ ૨૦૧૩થી ફેબ્રુઆરી ૨૦૧૪ દરમિયાન શાળાઓમાં રજાના તેમજ વેકેશનના દિવસો બાદ કરતાં કુલ ૧૦૪ દિવસો કાર્યક્રમનું પ્રસારણ કરવામાં આવ્યું. આ માટે સ્ટેટ રિસોર્સ જૂથના સભ્યોની સહાયતાથી અભ્યાસક્રમને ધ્યાનમાં રાખી એકમોની પસંદગી કરવામાં આવી.
0 આ કાર્યક્રમનું પ્રસારણ નીચે મુજબ કરવામાં આવે છે.
0 મંગળવાર – ગણિત,
0 બુધવાર – વિજ્ઞાન,
0 ગુરૂવાર – સામાજિક વિજ્ઞાન, સંસ્કૃત, ગુજરાતી અને હિન્દી (જરૂરિયાત મુજબ)
0 તેમજ શુક્રવાર – અંગ્રેજી
0 આમ સપ્તાહમાં ચાર દિવસ પ્રસારણ કરવામાં આવે છે.
0 પ્રત્યેક દિવસે બપોરે ૨–૩૦ થી સાંજે ૫–૦૦ વાગ્યા સુધી પ્રસારણનો સમય રાખવામાં આવ્યો હતો. પ્રથમ તાસ ધોરણ છ માટે, દ્વિતીય તાસ ધોરણ સાત માટે અને તૃતીય તાસ ધોરણ આઠ માટે હતો.
0

લાભાર્થી

• દરેક ઉચ્ચ પ્રાથમિક શાળા કે જ્યાં બાયસેગના કાર્યક્રમ જોવાની સુવિધા ઉપલબ્ધ છે તે તમામ શાળાઓ ના વિદ્યાર્થીઓ આ યોજના ના લાભાર્થી છે.
• બીજા પ્રકારમાં રાજ્યના શૈક્ષણિક પછાત તાલુકાની શાળાઓ છે. જે તાલુકાઓની શાળાઓનાં બાળકોને આ કાર્યક્રમ હેઠળ ગાંધીનગરના ત્રણ દિવસના પ્રવાસનો લાભ આપવામાં આવે છે. તેમની વર્ષવાર સંખ્યા આ મુજબ છે.

| અ.નં | વર્ષ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૯–૧૦ | ૪૪૪૦ | ૪૨૩૯ | ૮૬૭૯ |
| ૨ | ૨૦૧૦–૧૧ | ૩૦૩૬ | ૩૨૩૫ | ૬૨૭૧ |
| ૩ | ૨૦૧૧–૧૨ | ૩૩૯૧ | ૩૧૪૬ | ૬૫૩૭ |
| ૪ | ૨૦૧૨–૧૩ | ૬૨૯૫ | ૭૩૦૮ | ૧૩૬૦૩ |
| ૫ | ૨૦૧૩–૧૪ | ૮૩૯૫ | ૭૮૯૮ | ૧૬૨૯૩ |
| | કુલ | ૨૫૫૫૭ | ૨૫૮૨૬ | ૫૧૩૮૩ |

કેટલીક કાર્યક્રમની કેટલીક મહત્ત્વની સિદ્ધિઓ અહીં આપેલી છે.:–

o નવાં પાઠયપુસ્તકોમાં પ્રવૃત્તિલક્ષી અભિગમ અપનાવવામાં આવ્યો હોવાથી તેને અનુરૂપ આયોજનનો અમલ કરવામાં આવ્યો હતો.

o સમગ્ર વર્ષના તમામ કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા, સંસાધનના અભાવે કે તજજ્ઞોના અભાવમાં કોઈપણ કાર્યક્રમ મુલતવી રાખવામાં આવ્યો નહીં.

o કેટલાક કાર્યક્રમોમાં ત્રણેય વિષયોને આવરી લઈ પાઠય પુસ્તકોના એકમોના બદલે વિદ્યાર્થીઓ જે તે વિષયમાં રસ લેતા થાય તે માટેની પ્રવૃત્તિઓ આધારિત કાર્યક્રમ બિયોન્ડ ધ ટેક્ષબુક આપવામાં આવ્યો. જેમાં ધોરણોના વાડાઓથી પર રહી તમામ કક્ષાના વિદ્યાર્થીઓએ સામુહિક રીતે માણ્યો. ખૂબ સારો પ્રતિભાવ મળ્યો.

o કેટલાક કાર્યક્રમોમાં ત્રણેય વિષયોનેઆવરી લઈ પાઠયપુસ્તકોનાએકમોના બદલે વિદ્યાર્થીઓ જે તે વિષયમાં રસ લેતા થાય તે માટેની પ્રવૃત્તિઓ આધારિત કાર્યક્રમ બિયોન્ડ ધ ટેક્ષબુક આપવામાં આવ્યો. જેમાં ધોરણોના વાડાઓથી પર રહી તમામ કક્ષાના વિદ્યાર્થીઓએ સામુહિક રીતે માણ્યો. ખૂબ સારો પ્રતિભાવ મળ્યો.

o સમગ્ર વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓને વિધાનસભાના સેકશન અધિકારીશ્રી દ્વારા વિધાનસભાની જાણકારી આપવામાં આવી.

o તજજ્ઞઓ શિક્ષકોએ પોતાને મળતા માર્ગદર્શન અંગે આનંદ વ્યકત કર્યો, તેમજ તેનાથી દૂરવર્તી શિક્ષણના એકમોની ગુણવત્તામાં સુધાર લાવવામાં સહયોગ મળ્યો.